જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૮/૨૦૧૭ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૬૪૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૩૪ લીટર દેશી દારૂ, ૨૪૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૩ બીયરટીન અને ૦૫ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨૯ કેસ કરી ૧૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૧૭,૦૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૪૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૧૬૪૮/૧૭

**ચાંદખેડા :** ચાંદની કચવા વા/ઓ સચિન વિશ્વનાથ (ઉ.વ.૨૭)(રહે,સાંઈસ્નેહ રેસીડેન્સી, કોટેશ્વર રોડ, મોટેરા, ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૮/૧૭ સાંજનાં ૬/૩૦ વાગ્યાનાં સુમારે મોટેરા કિડ્ઝી સ્કુલ સામે ઈન્ડસ ઈન્ડ બેન્કના ATM સામે શાકભાજી લેવા માટે જતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા ઇસમ (૨૭ થી ૩૦ વર્ષના આશરાના) ચાંદનીબેનનાં ગળામાં હાથ નાંખી, સોનાનું મણકાવાળુ મંગળસુત્ર તેમજ સોનાની પેડલ સહીતની ચેઈન મળી કુલ કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

ચોરી :- સમાચાર યાદી નં.૧૬૪૯/૧૭

**મણીનગર :** અનિલભાઈ માતાદિનભાઈ રાઠોડ (રહે,કુંભાજીની ચાલી, મેઘાણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૮/૨૦૧૭ રાતના ૯/૦૦ વાગ્યાનાં સુમારે જુની એલ.જી.હોસ્પિટલના ગેટની બહાર AMTS બસ સ્ટેન્ડની બાજુમાં રોડ ઉપર પોતાની બજાજ ઓટોરિક્ષા નંબર. જીજે.૨૭.ડબલ્યુ. ૧૯૯૮ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી.જેની કોઇ અજાણી વ્યક્તિ ૩૦ મીનીટમાં ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુ:- સમાચાર યાદી નં.૧૬૫૦/૧૭

**માધવપુરા :** ભાવિકભાઇ દિપકભાઇ ભાવસાર (રહે,પંચવટી સોસાયટી શીલ્પ એપાર્ટમેન્ટ મણીનગર)એ તા.૧૫/૮/૧૭ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૮/૨૦૧૭ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે દિલ્લી દરવાજા હાડવૈદના દવાખાના નજીક રોડ ઉપર ભાવિકભાઇનાં ફોઇ કોકીલાબેન દીલભભાઇ શાહ (ઉ.વ.૬૨)(રહે, ગોકુલ એપાર્ટમેંટ માનવમંદીર પાસે મેમનગર) નાઓ રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે એક મોટર સાયકલ નંબર એમ.એચ.૪૯.એમ.૨૦૬૭ નાં ચાલકે મોટર સાયકલ પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી કોકીલાબેનને ટક્કર મારતાં, સારવાર અર્થે તેમને BAPS હોસ્પિટલમાં દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૮/૧૭ નાં કલાક ૧૨/૦૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ.આ ગુનાની તપાસ પોસઇશ્રી એસ.બી.નિનામા ચલાવે છે.

**નરોડા :** જયેશકુમાર વિનોદભાઇ ત્રાયસિયા (ઉ.વ.૨૨)(રહે,શ્યામ સૌદર્ય રેસીડેન્સી, શ્યામફાર્મની પાછળ નિકોલ નરોડા રોડ)એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૮/૨૦૧૭ ના કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે સરદાર પાર્ટી પ્લોટની સામે દહેગામ રીંગ રોડ સર્કલ થી દાસ્તાન સર્કલ તરફ જવાનાં રોડ પરથી જયેશકુમારનાં પિતા વિનોદભાઇ પોતાનું એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક ફોરવ્હીલ ગાડીનાં ચાલકે પોતાના કબજાની ગાડી પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી વિનોદભાઇનાં એક્ટીવાને ટક્કર મારતાં, વિનોદભાઇને શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ.આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

આત્મહત્યા :- સમાચાર યાદી નં.૧૬૫૧/૧૭

**રીવરફ્રન્ટ ઇસ્ટ :** લક્ષ્મણ ઉર્ફે લખુ પ્રેમભાઇ બાવરી (ઉ.વ.૩૮)(રહે,જોગણી માતાના છાપરા પમ્પીંગ સ્ટેશનની બાજુમાં કોતરપુર) એ પત્ની રીસાઇને જતી રહેવાના કારણે મનમાં લાગી આવતાં, તા.૧૫/૮/૧૭ નાં કલાક ૭/૨૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે રીવરફ્રન્ટ રીવરસાઇડ સ્કુલની પાછળ CSD ડેપો રોડ સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બળવંતભાઇ શંકરભાઇ ચલાવે છે.

**નરોડા :** જોધસિંહ જેલમજી વણઝારા (ઉ.વ.૬૦)(રહે.આસોપાલવ સોસાયટી જીઆઇડીસી નરોડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૧/૮/૧૭ બપોરના ૨/૦૦ વાગ્યાનાં સુમારે પોતાનાં ઘરે દવા પી જતા, સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરેલ હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૮/૧૭ બપોરના ૨/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભીખાભાઇ જીવાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.